## ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

ch 9

8th s.s

તારીખ : 02-10-2021

સમય : 0 મિનિટ

કુલ ગુણ : 28

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** **[3]**

1. રાસાયણિક ખાતરોનો વપરાશ લાંબાગાળે..........

(A) જમીનની ગુણવત્તા ઘટાડે છે. (B) જમીનની ભેજ સંગ્રહણશક્તિ વધારે છે (C) જમીનની ગુણવત્તા વધારે છે. (D) જમીન પોચી બનાવે છે.

**જવાબ :** (A) જમીનની ગુણવત્તા ઘટાડે છે.

2. નીચેનામાંથી કયું સંસાધન બિન નવીનીકરણીય છે.

(A) જંગલો (B) ખનિજ કોલસો (C) પવન (D) સૂર્યપ્રકાશ

**જવાબ :** (B) ખનિજ કોલસો

3. નીચેના પૈકી કયું સંસાધન વિરલ સંસાધન છે?

(A) જળ (B) ખનિજ તેલ (C) ઑક્સિજન (D) ક્રાયોલાઈટ

**જવાબ :** (B) ખનિજ તેલ

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[5]**

4. જળતંગી માટે જવાબદાર મુખ્ય પરિબળો ક્યાં-ક્યાં છે?

**જવાબ :** જળતંગી માટે જવાબદાર મુખ્ય પરિબળોમાં દુષ્કાળની સ્થિતી, વસ્તી વિસ્ફોટ, રોકડિયા પાકોનું વધતું જતું વાવેતર, આધુનિક જીવનશૈલી, શહેરીકરણ, ઉદ્યોગો, અને નિર્વનીકરણ વગેરેનો સમાવેશ થાય છે.

5. કુદરતી વનસ્પતિ કોને કહેવાય?

**જવાબ :** પોતાની જાતે ઉગનારી વનસ્પતિને કુદરતી વનસ્પતિ કહે છે. દા.ત.વેલા, છોડવા, વૃક્ષો.

6. વન્યજીવનમાં કોનો સમાવેશ થાય છે?

**જવાબ :** પશુ-પંખીઓ, કિટકો વગેરેનો સમાવેશ વન્યજીવનમાં થાય છે.

7. વનસ્પતિનું વર્ગીકરણ કયા આધારે થાય છે?

**જવાબ :** વનસ્પતિનું વર્ગીકરણ સમુદ્ર સપાટીથી ઊંચાઈ અને આબોહવાની વિવિધતાને કારણે કુદરતી વનસ્પતિની સંરચના અને રૂપમાં જે વૈવિધ્યતા જોવા મળે છે. તેને આધારે થાય છે.

8. તળાવ અને સરોવરની પાણી સંગ્રહણ ક્ષમતા વધારવા શું કરવું જોઈએ?

**જવાબ :** તળાવ અને સરોવરની પાણી સંગ્રહણ ક્ષમતા વધારવા માટે તેમાં જમા થયેલ કાંપ દૂર કરીને તેને ઊંડા કરવા જોઈએ.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[8]**

9. તફાવત આપો: નવીનીકરણીય સંસાધનો અને બિનનવીનીકરણીય સંસાધનો.

**જવાબ :**

- નવીનીકરણીય સંસાધન

(1) સંસાધનના વપરાયેલા જથ્થાની આપમેળે ચોક્કસ સમયગાળામાં પૂર્તિ થાય એટલે કે અખૂટ હોય તેવા સંસાધનોની નવીનીકરણ સંસાધન કહે છે.
(2) દા.ત. જંગલો, પ્રાણીઓ, પશુ-પંખીઓ, સૂર્યપ્રકાશ, પવન વગેરે.

- બિનનવીનીકરણીય સંસાધન

(1) એકવાર વપરાશ કર્યા પછી નજીકના સમયમાં જે સંસાધનોનું ફરીથી નિમણ અશક્ય હોય તેવા સંસાધનોને બિનનવીનીકરણીય સંસાધન કહે છે.
(2) દા.ત. ખનીજ કોલસો, કુદરતી વાયુ, પરમાણુ ખનિજો વગેરે.

10. ટૂંકનોંધ લખો: માનવ સંસાધન વિશે ટૂંકનોંધ લખો.

**જવાબ :**

- વિશ્વમાં સંસ્કૃતિનું નિર્માણ કરનાર માનવ એક સશક્ત સંસાધન છે. માનવ સંસાધનોના બનાવનાર અને વપરાશ કરનાર છે.
- મનુષ્ય પોતાની બૌદ્ધિક ક્ષમતા મુજબ કુદરત દ્વારા પ્રાપ્ત તત્વોમાંથી ઉત્તમ તત્વો પસંદ કરે છે.
- કુદરતી સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરવા માટે પોતાના કૌશલ્યો, આવડત, જાણકારી, ટેકનોલોજી, શિક્ષણ અને આરોગ્યની સેવાના ઉપયોગ કરી વિશિષ્ટ સંસાધન બનાવે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- માનવીની સંસાધન બનવાની આ પ્રક્રિયાને માનવ સંસાધન વિકાસ કહે છે.

11. પરિસરતંત્ર કોને કહેવાય? સવિસ્તાર સમજાવો.

**જવાબ :**

- જીવાવરણમાં એક સજીવ બીજી સજીવ સાથે પરસ્પર જોડાઈને પિતાનું અસ્તિત્વ ટકાવે છે.
- જેને પરિસરતંત્ર કહે છે. જેમકે વનસ્પતિ આપણી અનકે જરૂરિયાતો સંતોષે છે.
- તે મનુષ્યો માટે આવાસ, ખોરાક, ઈમારતી અને બળતણનું લાકડું, ફળો, ઔષધિઓ, ગુંદર, ઉદ્યોગો માટે કાચો માલ, ભૂગર્ભજળની જાળવણી, જમીન ધોવાણનો અટકાવની સાથોસાથ વાતાવરણમાં ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઈડનું સંતુલન જાળવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

12. સંસાધનોનું સંરક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે વિધાન સમજાવો.

**જવાબ :**

- આપણી સમગ્ર માનવ સમાજની આર્થિક વૃદ્ધિ અને વિકાસનો મૂળધાર છે. તે મનુષ્યની વિવિધ જરૂરિયાતો સંતોષે છે.
- વધતી જતી વસ્તી અને ટેકનોલોજીના અસાધારણ વિકાસ સંસાધનોના વપરાશ અસાધારણ રીતે વધાર્યા છે.
- પરિણામે, કેટલાક સંસાધનો ખૂટી જવાની અણી પર આવ્યા છે.
- માનવીની આજની પ્રગતિ અને આધુનિક જીવનશૈલી સંસાધનો વગર ટકી શકે તેમ નથી.
- આજની પેઢી અને આવનારી પેઢી વિશે વિચાર કરવો જરૂરી બન્યો છે.
- જો આપણે બધાજ આપણા રોજ બરોજના કાર્યોમાં આયોજનપૂર્વક અને કરકસરપૂર્વક સંસાધનોનો ઉપયોગ બનાવી શકીશું. અને તે જોવાની ફરજ આપણા સૌની છે.

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **[3]**

13. પ્રાપ્તિસ્થાનોનાં આધારે સંસાધનોના પ્રકારો ટૂંકમાં વર્ણવો.

**જવાબ :**

- (1) સર્વ સુલભ સંસાધન (Obligities): સર્વત્ર ઉપલબ્ધ હોય તેવા સંસાધનો. દા.ત. ઓક્સિજન અને નાઈટ્રોજન.
- (2) સામાન્ય સુલભ સંસાધનો (Commonqlities) : સામાન્ય રીતે સરળતાથી ઉપલબ્ધ હોય તેવા સંસાધનો દા.ત. જળ, ગોચર ભૂમિ.
- (3) વિરલ સંસાધન (Rareties) : જે સંસાધનો મર્યાદિત સ્થાનો પરથી જ પ્રાપ્ત થતાં હોય તેવા સંસાધનો. દા.ત. કોલસો, વિવિધ ધાતુઓ, ખનિજતેલ, કુદરતી વાયુ,યુરેનિયમ.
- (4) એલ કે દુર્લભ ધાતુઓ (Uniquelities) : વિશ્વમાં જવલ્લેજ એક કે બે જગ્યાએથી મળી આવતાં દુર્લભ ખનિજો એકલ કે દુર્લભ સંસાધન કહેવાય છે. દા.ત. યુરોપના ગ્રીનલેન્ડમાંથી પ્રાપ્ત થતું ક્રાયોલાઈટ.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[4]**

14. જંગલો આપણને ખૂબ ઉપયોગી છે.વિધાન સમજાવો?

**જવાબ :**

- જંગલો આપણને પેદાશો અને પર્યાવરણીય દૃષ્ટિએ ખૂબ જઉપયોગી છે. જંગલોની પેદાશોના સંદર્ભે ઉપયોગીતા.
- જંગલની મુખ્ય પેદાશ લાકડું છે. સાગ, સાલ, સીસમ જેવા મજબૂત અને ટકાઉ ઈમારતી લાકડાં અને બાવળ, લીમડો, ખેર જેવા લાકડાનો ઉપયોગ બળતણ તરીકે કરવામાં આવે છે.
- દેવદાર અને ચીડ જેવા પોચા લાકડામાંથી પેટીઓ, રમતગમતના સાધનો, દીવાસળી, કાગળ, કૃત્રિમ રેસાઓ બનાવવામાં આવે છે.
- વાંસમાંથી રમકડાં, સાદડી અને ગૃહસુશોભનની વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે.
- સુંદરીના વૃક્ષના લાકડામાંથી હોડીઓ, ચીડમાંથી ટર્પેન્ટાઈન જેવી ઉપયોગી વસ્તુઓ બનાવાય છે.
- નિલગીરીના પાનમાંથી ઔષધીય તેલ, સર્પગંધા, અશ્વગંધા,શંખાવલી, સરગવો, ગરમાળ, હરડે, આંબડે વગેરે જેવી ઔષધી વનસ્પતિઓ જંગલમાં જ જોવા મળે છે.
- તાડ અને ખજૂરીના પાનમાંથી સાવરણી, ખાખરામાં પાનમાંથી પડીયા-પતરાળા અને ટીમરુના પાનમાંથી બીડી બનાવવામાં આવે છે.
- રબર, લાખ, રાખ, મધ, ગુંદર જેવા ઉપયોગી પેદાશો પર જંગલોમાંથી મળે છે.
- જંગલોની પર્યાવરણની દૃષ્ટિએ ઉપયોગીતા. જંગલો વાતાવરણને ઠંડુ રાખી વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે.
- ઉપરાંત ભેજ પ્રસરાવી વાતાવરણને વિષમ બનતા અટકાવે છે.
- વાતાવરણમાં રહેલા હાનિકારક કાર્બન ડાયોક્સાઈડને શોષીને પ્રાણદાયી ઓક્સિજન પૂરો પાડે છે.
- પવન અને વરસાદથી થતાં જમીનના ધોવાણ અટકાવે છે. રણને આગળ વધતું અટકાવીને ફળદ્રુપ જમીનનું રક્ષણ કરે છે.
- જંગલો ભૂમીગત ભેજ સંઘરી રાખે છે. પરિણામે ભૂમિગત જંગ જળવાઈ રહે છે.
- કુદરતી સૌંદર્યમાં વધારો કરવામાં ઉપયોગી છે. વન્ય જીવસૃષ્ટિને કુદરતી રહેઠાણ પૂરું પાડે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- જંગલો સાહસિક પ્રવાસન પ્રવૃત્તિ માટે જાણીતા છે. આમ, જીવસૃષ્ટિ માટે અનેક રીતે જંગલો ઉપયોગી છે.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[5]**

15. સંસાધનોનાં સંરક્ષણના ઉપાયો જણાવો.

**જવાબ :**

- આધુનિક પ્રગતિ અને જીવનશૈલી જતા સંસાધન વગેર જીવન ટકાવી રાખવું મુશ્કેલ છે.
- સંસાધનોના મર્યાદિત જથ્થો હોવાને કારણે આવનાર ભવિષ્ય માટે આયોજનપૂર્વક અને કરકસરભર્યો ઉપયોગ કરવો જરૂરી બન્યો છે.
- આ માટે આપણે સૌ નીચે મુજબના સંસાધનોના સંરક્ષણ માટેના ઉપાયોગ અપનાવી શકીએ છીએ.

(1) જમીન ધોવાણથી ફળદ્રુપતામાં ઘટાડો થતો હોવાથી તેને અટકાવવું. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજયોમાં વધતા જતા રણપ્રદેશ અને વરસાદી પાણીથી જમીનની ફળદ્રુપતા ઘટે છે. આની સામે વધુ વૃક્ષો ઉછેરવા જોઈએ.

(2) વધુ ખેત પેદાશો લેવા રસાયણિક ખાતરોનો બેફામ ઉપયોગ વધ્યો છે. જે જમીનની ગુણવત્તા બગાડે છે. તેના બદલે કુદરતી છાણીયા ખાતર, કૃમિયુક્ત ખાતરનો ઉપયોગ વધારવો જોઈએ.

(3) ખેતી માટે વધુ સિંચાઈ જમીનની ઉત્પાદન શક્તિ ઘટાડે છે. અને પાણીનો પૂર્ણ કરે છે. માટે કૃષિક્ષેત્રે ફૂવારા પધ્ધતિ, નેટ પધ્ધતિ કે ટપક સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

(4) જંતુનાશકો જમીન અને જળસ્રોતોને પ્રદૂષિત કરે છે, તેને વિકલ્પ જૈવજંતુનાશકોના વપરાશને ઉત્તેજન આપવું જોઈએ.

(5) વન્ય જીવ-જંતુઓ પરિતંત્રની સમતુલા માટે અગત્યના છે. માટે તેઓનો શિકાર રોકવા અને સરકારી કાયદાઓનું સખ્તાઈ પાલન કરાવવું.

(6) જૈવ આરક્ષિતક્ષેત્રો, અભ્યારણ્ય જેવા વિસ્તારોમાં પચારણ અને વૃક્ષછેદનની પ્રવૃત્તિઓ પ્રતિબંધીત કરવી.

(7) વરસાદી પાણીને સમુદ્રમાં વહી જતાં અટકાવવા જળસંચય કરવું જોઈએ. વિવિધ વિસ્તારોમાં ચેકડેમનું નિર્માણ કરવું.

(8) તળાવો - સરોવરોમાં જમા થયેલ કાંપ દૂર કરી તેને ઊંડા કરવા.

(9)ઘર, ઓફિસ જેવી જગ્યાઓએ વપરાશી પાણીનો કીચન ગાર્ડનમાં, કે અન્ય જગ્યાએ પુનઃ ઉપયોગ કરવો.

(10) ઊર્જાના બિનપરંપરાગત વિકલ્પો જેવા કે સૂર્ય ઊર્જા, પવનઊર્જા, ભરતીશક્તિ, ભૂસ્તર ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરવો. (ગુજરાત સરકાર સોલર પેનલ દ્વારા ઊર્જા ઉત્પાદીત કરવા માટે સબસીડી આપે છે.)આવનાર સમયની જરૂરિયાતો સંતોષવા માટે ઊર્જાના બિનનવીનીકરણ સાધનોના વિકલ્પો શોધવા જરૂરી બન્યા છે. વિવિધ સંસાધનોનું સંરક્ષણ કરવું એ આપણા સહુની ફરજ છે.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in